# સંદેશ

# દાનવીર કર્ણની ભૂમિ પરના અસલ પરોપકારી માનવરત્ન એટલે ડો. ફારુક જી. પટેલ




**દરેક સમાજ-ધર્મ-જ્ઞાતિમાં મોભાનું સ્થાન ધરાવતા કેપી ગ્રૂપના ફાઉન્ડર, ચેરમેન ડો. ફારુક પટેલ ફક્ત દિવ્યાંગ વૃદ્ધો માટે બનાવી રહ્યા છે વિશ્વનું પહેલું વૃદ્ધાશ્રમ**

સુરત: રિન્યૂએબલ એનર્જી-ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના વ્યવસાયના દેશ-વિદેશમાં નામના ધરાવતા કેપી ગ્રૂપના ચેરમેન-એમડી ડો. ફારુક જી. પટેલ રૂ. ૨૨૮ બિલિયનના બિઝનેસ અમ્પાયર સાથે સુરતમાં સૌથી ધનિક વ્યક્તિમાં સ્થાન જરૂર ધરાવે છે, પરંતુ તેનાથી પણ આગળ તેઓ તેમની પરોપકારી પ્રવૃત્તિને કારણે દરેક ધર્મ-જાતિ, સંપ્રદાયમાં આદરપૂર્વક સ્થાન ધરાવે છે. તેઓ ઉસ્માન ગનીના ખજાનાની જેમ દિલદારીથી દાન કરે છે. તેમના ટ્રસ્ટ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન હેઠળ UPSC-GPSC સહિત ૧૨૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ લઈ રહ્યાં છે, અન્ય સેવામાં દોઢ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ પહોંચાડ્યો છે. તેઓ ભરૂચ, ઉંચેડીયા ગામમાં અંદાજે ૧૮ કરોડના ખર્ચે દિવ્યાંગ વૃદ્ધો માટે વિશ્વનું પહેલું વૃદ્ધાશ્રમ બનાવી રહ્યાં છે. સુરત મનપાની પાંચ અને બે ખાનગી શાળાઓ, એક દિવ્યાંગ કોલેજ દત્તક લીધી છે. તેઓ છથી વધુ હાઈ-ટેક લાઈબ્રેરીઓ બનાવી દાન કરી ચૂક્યા છે. આર્ટ ઓફ લિવિંગના શ્રી શ્રી રવિશંકરના ટ્રસ્ટ અને પીપી સવાણી યુનિવર્સિટી સાથે તેઓએ રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે યુવાઓમાં સ્કીલ ડેવલપમેન્ટના વર્ગો ચલાવવા MOU કર્યા છે. સરકારના ઉન્નત ભારત અભિયાન હેઠળ SVNITમાં છેલ્લા એક વર્ષથી યુવાઓને તાલીમ આપી રહ્યાં છે. રિન્યૂએબલ એનર્જીના માધ્યમથી અત્યાર સુધી ૫૨ લાખ મેટ્રિક ટનથી વધુ કાર્બન ઉત્સર્જન અટકાવ્યું છે. ગુજરાતમાં પાંચ લાખથી વધુ વૃક્ષો વાવ્યા છે. ડૉ. ફારુકને દેશના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર ગણાતા મહાત્મા એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. ડો. ફારુક ચેમ્બરમાં રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રના સલાહકાર છે. લાયન્સ કેન્સર ડિટેક્શન સેન્ટર, કિરણ હોસ્પિટલ-૨ ના ટ્રસ્ટી, સર પીટી સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સના એકેડેમિક કાઉન્સિલના સભ્ય છે. સુરત શહેર રક્તદાન કેન્દ્ર આમંત્રિત સભ્ય છે. ભગવાન મહાવીર કોલેજની સલાહકાર સમિતિના સભ્ય છે. ૩૦થી વધુ એજ્યુકેશન સંસ્થા અને ૧૦૦થી વધુ સામાજિક સંસ્થા સાથે સંકળાયેલાને તેઓને મજબૂત કરી રહ્યાં છે. તેઓ સમાજ-દેશ માટે અનેકવિધ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યાં છે.